## હવે, હક્કપત્રકની કાચી નોંધની નકલ નિયત ફી ભરીને માત્ર ૩૦ મિનિટમાં મેળવી શકાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકાના ઇ-ધરા કેન્દ્રમાં જુદા જુદા -કારની ગામ નમુના નંબર-૬ (હક્કપત્રક)ની નોંધો અંગેની અરજીઓ સ્વીકારવામાં આવે છે. આ અરજીઓ અન્વયે જુદા જુદા -કારના અરજીપત્રકના નમુનાઓ નિયત કરવામાં આવેલ છે, અને નિયત નમુનામાં આ અરજીઓ અરજદારશ્રીઓ દ્વારા ઇ-ધરા કેન્દ્રમાં રૂબરૂમાં રજુ કરવામાં આવે છે. નિયત નમુનાના અરજીપત્રકમાં અરજી સાથે જોડવાના રહેતા આધારોની વિગત દર્શાવવામાં આવેલી હોય છે. ઇ-ધરા કેન્દ્ર ખાતે અરજીઓ સ્વીકાર કરી કોમ્પ્યુટરાઇઝ પહોંચ અરજદારશ્રીને પાઠવામાં આવે છે.

વધુમાં ઇ-ધરા કેન્દ્રમાં બહાર અરજદારે તમામ પુરાવા રજુ કર્યા અંગેની પહોંચ આપ્યા બાદ ૩૦ મિનિટમાં નિયત ફી ભરી કાચી નોંધ તાત્કાલિક આપવામાં આવશે. આથી ગાંધીનગર જિલ્લાના ઇ-ધરા કેન્દ્રમાં આવતા અરજદારો તેમની હક્કપત્રક માટેની અરજી સ્વીકાર્યાની પહોંચ તુરંત જ મેળવી શકશે તથા હક્કપત્રકની કાચી નોંધની નકલ નિયત ફી ભરીને ૩૦ મિનિટમાં મેળવી શકશે, તેવું જિલ્લા કલેકટરશ્રી, ગાંધીનગર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચુલો સળગાવવા જતાં ભડકો થવાથી પરિણીતાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા વાંકાનેરડા ગામમાં રહેતી ૩૨ વર્ષની પરિણીતા ભૂરીબેન ભલાબાઈ મેલાભાઈ કોડ આજે સવારના સુમારે પોતાના ઘરે ચુલો સળગાવી રહ્યા હતા તે દરમિયાન અચાનક ભડકો થતા કપડા પર આગ લપેટાઈ ગઈ હતી. કપડા સાથે ભુરીબેન પણ ભડભડ સળગવા લાગ્યા હતાં. તાત્કાલીક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જો કે હાલત ગંભીર જણાતા ભૂરીબેને અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. જયાં તેણીનું ડાઈંગ ડીકલેરેશન લેવાય તે પહેલા જ પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. ડભોડા પીએસઆઈ એસ.ડી. વાઘેલાએ અકસ્માત મોતનો ગુનો નોંધી સઘન તપાસ શરુ કરી છે.

## પેન્શનર્સ માટે આધાર કાર્ડની ખાસ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા શહેરના સેકટર-૨૮, ૨૯ અને ૩૦માં વસતા પેન્શનર્સ અને તેમના પરિવારજનો સહિત અન્ય નાગરિકો માટે આધારકાર્ડની કામગીરીનું આયોજન સેકટર-૨૮ પ્રાથમિક શાળામાં તા. ૩૦મી જૂન ૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૫ દરમિયાન કરવામાં આવશે. આધાર કાર્ડ માટે ચુંટણી કાર્ડ, પાન કાર્ડ, રેશન કાર્ડ, લાઈટબીલ સહિતના પુરાવાઓ અસલ તથા ઝેરોક્ષ સાથે લાવવા ગાંધીનગર પેન્સનર્સ સમાજના માનદ મંત્રી પંઢરીનાથ એસ. જગતાપે જણાવ્યું છે.

## ઉત્તરાખંડના પીડીતો માટે દહેગામમાં કોંગ્રેસે લોકફાળો ઉઘરાવ્યો

દહેગામ, તા.૨૬

ઉત્તરાખંડની હોનારતમાં પોતાનું સમગ્ર ઘરબાર અને પરિવાર ગુમાવી ચૂકેલા પીડીતોને મદદરૂપ થવા અંગે દહેગામ તાલુકા અને શહેર કોંગ્રેસના સભ્યો દ્વારા શહેરના વિવિધ માર્ગો ઉપર વેપારીઓ આમ નાગરિકો સહિત તમામ પાસેથી ફાળો ઉઘરાવીને ઉત્તરાખંડમાં મોકલી આપવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બાબુજી ઠાકોર, દહેગામ તાલુકાના ધારાસભ્ય કામીનીબા રાઠોડ, ભુપેન્દ્રસિંહ રાઠોડ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



ગાંધીનગર શહેરમાં આવેલ માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીના કંપાઉન્ડમાં આજે બપોરના સુમારે સાપ નિકળતા હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે ઉપસ્થિત કર્મચારીએ સાપને પકડી પાડ્યો હતો અને જંગલમાં છોડી મૂક્યો હતો.

(તસવીર : નિકેશ બારોટ)




ગાંધીનગર રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ બદલવા માટે બ્રિજ પર જવાનું ટાળી મુસાફરો સીધા જ ટ્રેન અને પાટા ઓળંગી રહ્યા છે. શાંતિ એક્સપ્રેસ જો પ્લેટફોર્મ નં. ૧ ના બદલે પ્લેટફોર્મ નં.૨ ઉપર આખો દિવસ પાર્ક કરાય તો આવતી જતી બધી જ ટ્રેન પ્લેટફોર્મ નં. ૧ ઉપરથી પસાર થાય એ જરુરી છે અને પાટા ઓળંગવાનું અને ટ્રેનમાંથી સીધા કૂદવાનું ટાળી શકાય.

(તસવીર : દિપક જાની)

# મધુર ડેરીના વિકાસશીલ અભિગમને વ્યાપક આવકાર

### સામાન્ય સભામાં હલ્લાબોલની વાતોનું સુરસુરીયું : ચેરમેન શંકરસિંહની હકારાત્મક કાર્યશૈલીને સૌએ બિરદાવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લી.ની ૪૩મી વાર્ષિક સાધારણ સભા, મધુર ડેરી, ગાંધીનગર ખાતેનાં બોર્ડ રૂમમાં યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લી.ની ૪૩મી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત સૌ પ્રથમ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા સાહેબે સભાના અધ્યક્ષ સ્થાને શાંતિલાલ પટેલને બનાવ્યાં હતાં અને સભાધ્યક્ષની દરખાસ્તને ઈશ્વરસિંહ ઠાકોરે ટેકો આપ્યો હતો.

ચેરમેન ડૉ. રાણા સાહેબે સંસ્થાનો ૪૩મો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. તેમજ સર્વે દૂધ મંડળીના ચેરમેનશ્રીઓને ખૂબ દિલથી અને હૃદયનાં મધુર ડેરીના પ્રાંગણમાં આવકાર્યા હતા.

દશેલા મંડળીના ચેરમેન જશુભાઈ રણછોડભાઈ ચૌધરી અને મધુર ડેરીના અવિરત વિકાસથી દુઃખી એવી નામની હિત રક્ષક સમિતિએ ગાંધીનગરના દૂધ ઉત્પાદકોને જે ભાવફેરની રકમ આપવાની હતી તે અટકાવવા બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાંથી મનાઈ હુકમ લાવી ગરીબ એવા ખેડૂતો અને તેઓનાં સંતાનોના પેટ ઉપર ઘા કરેલ છે. આમ, હિત રક્ષક સમિતિ નહિ પરંતુ તે હિત ભક્ષક સમિતિ સાબિત થઈ છે. દશેલા મંડળીને સભ્ય પદેથી દૂર કરવા માટે ૮૦ થી પણ વધારે દૂધ ઉત્પાદક મંડળીનાં ચેરમેનશ્રીઓએ જણાવ્યું હતું. તથા ભાવફેર આપવા માટે ફરીથી ખાસ સાધારણ સભા બોલાવવી પડે તેનો તમામ ખર્ચ દશેલા મંડળીએ ભોગવવાનો રહેશે તેવું ઠરાવ્યું હતું. ગાંધીનગર ડેરીનાં વિકાસથી જેઓને બળતરા થાય છે તેઓને હવનમાં હાડકાં નાખવાનું કામ કર્યું છે. ગુજરાતના ૧૭ સંઘોમાં સૌથી ઊંચો ભાવ કિલો ફેટે રૂા. ૫૩૮. ૨૦ પૈસા મધુર ડેરીએ ચૂકવેલ છે, જેથી ફેડરેશન અને એન.ડી.ડી.બી. સંસ્થાએ પણ મધુર ડેરીને અભિનંદન આપ્યા છે, ત્યારે આ હિત ભક્ષક સમિતિ દૂધ ઉત્પાદકો અને તેના બાળકોનાં હિતનું ખૂન કરી રહી છે. હિત ભક્ષક સમિતિ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો હલ્લો બોલાવશે તેવું જણાવવામાં આવેલું, પણ ખરેખર હિત ભક્ષક સમિતિ ખેડૂતોની વિરૂદ્ધમાં હોય તેવું માલૂમ પડ્યું અને હિત રક્ષક સમિતિના પ્રતિનિધિ હસમુખભાઈ પટેલના જણાવ્યા મુજબ તેઓની સાથે ફક્ત ૬ (છ) જ પ્રતિનિધિ હાજર હતા અને આમ, તેઓનો ફુગ્ગો ફુટી ગયો છે.


વિશેષમાં ગાંધીનગર જિલ્લાના દૂધ ઉત્પાદક સભાસદોને તા. ૧-૭-૨૦૧૩ થી કિલો ફેટનો ભાવ રૂા. ૫૦૦/- આપવાનું મધુર ડેરીનાં ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું અને આથી દૂધ ઉત્પાદકોમાં આનંદની લહેર છવાઈ ગઈ છે.

# ફતેપુરા ગામ ગંદકીમાં ગરકાવ

### ગટરનું પાણી રસ્તા પર ફરી વળતા ગ્રામજનો કપરી પરિસ્થિતિમાં મૂકાયા છે



તસવીર : નિકેશ બારોટ



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગરમાં સમાવિષ્ટ ફતેપુરા ગામ ગટરના ગંદા પાણીથી તરબતર છે. ગટરનું ગંદુ પાણી પાછુ ફરતા ગામના રહીશોની હાલત કફોડી બની છે. વગર વરસાદે ગંદા પાણીના ખાબોચીયા ભરાતા મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જયારે ગ્રામજનોને ગંદા પાણીના કારણે અસહ્ય દુર્ગંધ મારતા મોં ઉપર ફરજીયાત રૂમાલ રાખવો પડે છે અને રસ્તા પર ગંદુ પાણી ફરી વળતા ગ્રામજનો સહિત અન્ય લોકોને પણ ગંદા પાણીમાંથી પસાર થવાની નોબત ઉભી થાય છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત અને મૌખિક રજુઆત ગ્રામજનોએ કરી હોવા છતાં તંત્રના અધિકારીઓ દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું નથી. ગંદા પાણીના પ્રશ્ને ગ્રામજનો હવે ઉગ્ર આંદોલન કરવાના મૂડમાં જણાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૧૫ ખાતે આવેલું ફતેપુરા ગામ ગંદકીમાં ગરકાવ થયું છે. ગટરના ગંદા પાણી ગામના માર્ગો પર ફરી વળતા ચોમાસા જેવી પરિસ્થિતિનું નર્માણ થયું છે. ફતેપુરા ૪૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે. ગંદા પાણીના કારણે રહીશોને માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારે છે. મોં ઉપર ફરજીયાત રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ ઉદભવી છે. ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ વધી જતાં લોકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો છે. ગટરનું ગંદુ પાણી પીવાના પાણીના સ્ટેન્ડની પાસે ભરાતા ગ્રામજનોમાં પણ ગંભીર રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત ઉભી થઈ છે. દરેક વ્યકિતને ગામમાં ફરતી વખતે ગંદા પાણીમાંથી જ પસાર થવું પડે છે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તંત્ર સમક્ષ લેખિત અને મૌખિક રજુઆત કરી હોવા છતા નિવેડો આવ્યો નથી.

તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવ છે. પરંતુ સાંજે પાછી એવીને એવી પરિસ્થિતિ ઉભી થઈ જાય છે. ગંદા પાણીના પ્રશ્નનો સત્વરે ઉકેલ નહિ આવે તો ગ્રામજનો ઉગ્ર લડતના મૂડમાં જણાય છે.

## લાયન્સ કલબના હોદ્દેદારોનો શપથ વિધિ




ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા વર્ષ-૨૦૧૩-૧૪ માટે વિવિધ હોદ્દાઓની વરણી તેમજ વરાયેલા પ્રમુખ, મંત્રી, ખજાનચી તથા અન્ય બોર્ડ ઓફ ડિરેકટર્સની શપથવિધિ ગત તારીખ ૨૨ જૂન-૨૦૧૩ ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ડિવિઝન ગવર્નર લાયન ડો. પ્રવિણકાંત દવેએ પ્રમુખ તરીકે લાયન ઋચિર ભટ્ટ, મંત્રી તરીકે લાયન પિયુષભાઈ શાહ તથા ખજાનચી તરીકે લાયન પદમસિંહ ચૌહાણ તથા લાયોનેસ પ્રમુખ તરીકે આરતીબેન ઋષિકેશ ભટ્ટ અને લીયો પ્રમુખ તરીકે રાજ ગૌવડાને અને અન્ય હોદ્દેદારોને શપથ લેવડાવ્યા હતા.

આ સમારંભમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રમિલાબેન બારા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, ગાંધીનગર મહાનગર પાલિકાના ડે. મેયર સુભાષભાઈ પાંડવ, મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન આશીષભાઈ દવે, પૂર્વ ડે. ગર્વનર લાયન હરેન્દ્રભાઈ શુકલ, કોર્પોરેટરો, ભાજપ તથા કોંગ્રેસના અગ્રણીઓ, લાયન્સ કલબના સભ્યો તેમજ નગરજનો ખુબજ મોટી સંખ્યામાં હાજર રહેલ અને નવી ટીમને આગામી વર્ષ માટે શુભેચ્છા પાઠવી હતી.

## નવા જિલ્લા તાલુકાની જાહેરાત આગામી ૧૫મી ઓગષ્ટે કરાય તેવા સંકેત આપતા પ્રવક્તામંત્રી

ગાંધીનગર, તા. ૨૬

સૂચિત નવા જિલ્લા અને તાલુકાઓની રચના અંગેની વિધિવત જાહેરાત આગામી ૧૫મી ઓગષ્ટના રોજ જાહેર કરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત આજે રાજ્ય સરકારના પ્રકવક્તામંત્રી નિતીનભાઈ પટેલે આપ્યા હતા.

આજે અત્રે પત્રકારો સાથેની અનૌપચારીક વાતચીતમાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યુંહતુંકેરાજ્યના કેટલાક જિલ્લાનું વિભાજન કરીને નવા સાત જિલ્લા અને ૨૧ તાલુકાઓની રચના કરવા માટેની કામગીરીનો અહેવાલ રાજ્યના મુખ્ય સચિવને આપવા જિલ્લા કલેક્ટરોને સૂચનાઓ આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે જિલ્લા કલેક્ટરોએ મુખ્ય સચિવને સુપરત કરેલા અહેવાલો રાજ્ય સરકારના મંત્રીમંડળની સબ કમીટી સમક્ષ રજુ કરવામાં આવતા હતા અને આ અહેવાલોનો અભ્યાસ કરીને સૂચિત નવા સાત જિલ્લા અને ૨૧ જેટલા તાલુકાઓની રચના અંગેની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે.

## સી.આર.પી.એફ. કેમ્પની કેન્ટીનમાં ૧૪ વર્ષની કિશોરી પર બળાત્કાર

### સી.આર.પી.એફ.ના કોન્સ્ટેબલ વિરૂદ્ધ ગુનો દાખલ : આરોપીની ધરપકડ કરીને મેડીકલ માટે લઈ જવાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા સી.આર.પી.એફ. (સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ) કેમ્પમાં રહેતા અને સી.આર.પી.એફ.માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જવાને ૧૪ વર્ષની કિશોરીને રાત્રે રૂ. ૧૦૦ ની લાલચ આપીને કેન્ટીનમાં બોલાવી બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ચિલોડા પોલીસે ભોગ બનનાર કિશોરી જે સંબંધીના ઘરે રહેવા આવી હતી તે જવાનની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરી આરોપી જવાનની ધરપકડ કરી સઘન તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર ચિલોડા હાઈવે પર આવેલી સી.આર.પી.એફ. કેમ્પમાં રહેતા એક જવાનના ઘરે તેની દૂરની સંબંધી ૧૪ વર્ષની કિશોરી રહે છે. જવાને ચિલોડા પોલીસ સ્ટેશનમાં મોડી સાંજે નોંધાવેલી ફરીયાદ મુજબ ૧૪ વર્ષની કિશોરીને રાત્રી દરમ્યાન સી.આર.પી.એફ. કેમ્પમાં રહેતા જવાન સંજય ગુલાબરામ ગમાઈએ રૂ. ૧૦૦ની લાલચ આપીને કેન્ટીનમાં બોલાવી હતી અને તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો. ચિલોડા પોલીસે આ ગુના સંદર્ભે જવાનની ફરીયાદ લઈને આરોપી સીઆરપીએફ જવાન સંજય ગમાઈ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આજે આરોપી જવાનની ધરપકડ કરીને મેડીકલ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પોલીસે આ બનાવ સંદર્ભે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૫

### તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૬૨ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
વર્લ્ડ વર્ઝ ૩ડી(હિન્દી) : ૯.૪૫, ૫.૩૦, ૧૦.૩૦
મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૨.૪૫
શોર્ટ કટ રોમિયો : ૧૨.૦૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંજહના : ૯.૦૦
ફુકરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરી : ૧૦.૩૦
યે જવાની હે દિવાની : ૧.૦૦, ૬.૩૦, ૯.૪૫
ફસ્ટ એન્ડ ફુરીયસ : ૪.૦૦

**સૂર્યા, વાવોલ**

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
રાંઝણા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ઈનેમી: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
શોર્ટ કટ રોમીઓ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
શોર્ટ કટ રોમીઓ : ૧૦.૪૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
ઈનીમી : ૧.૩૦

**ચિરાગ, કલોલ**

રાંઝણા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે.

**મકર** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કુંભ** : આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી.

**મીન** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

### ચિરવિદાય

- સ્વ. દક્ષિણાબેન પ્રકાશચંદ્ર પૂજારા (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૧૨૫૨/૨, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. ટીમ્પા વેંકમ્પા શેટ્ટી (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૧૬૨૯/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ.મૂળજી વીરાજી ચાવડા (ઉ.વ. ૮૫) મુ.પો. આજોલ, તા. માણસા, જિ. ગાંધીનગર.